# મહિલા સશક્તિકરણનો ભાજપનો ઢોલ પોલો છે

**સુરતમાં** 37 વર્ષના શાસનમાં ભાજપે માત્ર 5 મહિલા મેયર બનાવ્યાં

સુરત : રાજ્ય સરકારે જાહેર કરેલા ડ્રાફ્ટ રોસ્ટર મુજબ પ્રથમ અઢી વર્ષ માટે મેયર પદ મહિલાઓ માટે અનામત રહે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. સત્તાવાર જાહેરાત બાકી હોવા છતાં આ સંકેત સાથે શહેરની રાજનીતિમાં મહિલા નેતૃત્વ અંગે નવી ચર્ચા શરૂ થઈ છે.

દેશસ્તરે ભાજપ દ્વારા મહિલા સશક્તિકરણ અને 33 ટકા મહિલા અનામતના મુદ્દે રાજકીય દાવો કરવામાં આવે છે, પરંતુ વિપક્ષ પર બિલ પસાર ન થવાનો દોષ ઢોળવામાં આવી રહ્યો છે. આ વચ્ચે સુરત મહાનગરપાલિકાના ઇતિહાસ પર નજર કરીએ તો ભાજપનાં છેલ્લાં લગભગ 30 વર્ષના શાસનમાં માત્ર પાંચ મહિલાઓને મેયર પદ મળ્યું છે. જે સંખ્યા મહિલા સશક્તિકરણના દાવાઓ સામે સવાલો ઊભા કરે છે. સુરત મનપામાં પ્રથમ મહિલા મેયર તરીકે વર્ષ-1996માં ગીતાબેન દેસાઈએ પદ સંભાળ્યું હતું. એક વર્ષની મુદત હોવા છતાં તેઓએ તીવ્ર ગતિએ શહેરનાં વિકાસ કામો આગળ ધપાવ્યા હતાં. ત્યારબાદ વર્ષ-1999માં સવિતાબેન શારદા મેયર બન્યા, જેમણે મક્કમ નિર્ણયશક્તિ અને સાદગીભર્યા કાર્યશૈલીથી આગવી છાપ ઊભી કરી અને પછીથી રાજ્યસભાના સાંસદ બન્યાં હતાં. બાકીનાં તમામ મહિલા મેયરો રાજકારણમાં કોરાણે મુકાઇ ગયાં છે.

વર્ષ-2003માં સ્નેહલતાબેન ફકીરભાઈ ચૌહાણ મેયર બન્યાં અને સુવ્યવસ્થિત નેતૃત્વ આપ્યું. લાંબા ગાળાના અંતર બાદ વર્ષ-2015માં અસ્મિતાબેન શિરોયાએ મેયર પદ સંભાળ્યું અને અઢી વર્ષના કાર્યકાળ દરમિયાન વિકાસને નવી દિશા આપી. છેલ્લે વર્ષ-2021માં હેમાલીબેન બોઘાવાલા મેયર બન્યાં અને સ્વચ્છતા તેમજ વિકાસ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી. આ રીતે ત્રણ દાયકામાં માત્ર પાંચ મહિલાને મેયર પદ મળ્યું છે, જ્યારે શહેરમાં મહિલા પ્રતિનિધિત્વની સંભાવના વધુ હોવા છતાં તકો મર્યાદિત રહી છે. હવે જો ડ્રાફ્ટ રોસ્ટર મુજબ મહિલા અનામત લાગુ પડે તો સુરતને છઠ્ઠી મહિલા મેયર મળશે તે લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. આ સંજોગોમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે શું મહિલા નેતૃત્વને વાસ્તવમાં પ્રોત્સાહન આપવામાં આવ્યું છે કે માત્ર રાજકીય નિવેદનો પૂરતા જ સીમિત રહ્યું છે?

### ડેપ્યુટી મેયર પદમાં પણ આવી જ હાલત

સુરત મનપાના ભાજપ શાસનના ઇતિહાસમાં મહિલાઓને મેયર પદની જેમ જ ડેપ્યુટી મેયર પદ માટે પણ જોઇએ તેવી તક અપાઇ નથી. ભાજપના 37 વર્ષના શાસનમાં શહેરને અત્યાર સુધી માત્ર આઠ મહિલા ડેપ્યુટી મેયર મળ્યાં છે, જે દર્શાવે છે કે સ્થાનિક સ્વરાજ્યમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ ધીમે ધીમે મજબૂત બનતું ગયું છે. આ યાદીમાં સૌથી પહેલું નામ વર્ષ 1991માં મંજુલાબેન પટેલનું આવે છે, જેમણે ડેપ્યુટી મેયર પદે રહી મહિલાઓ માટે માર્ગ મોકળો કર્યો હતો. ત્યારબાદ વર્ષ-1995 પછી સ્નેહલતાબેન ફકીરભાઈ ચૌહાણે પણ આ પદ સંભાળ્યું અને આગળ જઈને મેયર તરીકે પણ સેવા આપી. આ સિવાય ડો.જયાબેન અમીપરા, ડો.સુષ્માબેન અગ્રવાલ, કૌશિકાબેન દેસાઈ, છાયાબેન ભૂવા, વર્ષાબેન રાણા અને રંજનબેન વેકરિયાએ પણ અલગ અલગ સમયગાળામાં ડેપ્યુટી મેયર પદ શોભાવ્યું છે.

## શહેરના વોર્ડ-18માં એનસીપીની વિવાદાસ્પદ પત્રિકા મુદ્દે રાજકીય ગરમાવો

**કોમી** વૈમનસ્યના આક્ષેપ, અસલમ સાયકલવાળાની કલેક્ટરને ફરિયાદ

પાલિકાની ચૂંટણી પૂર્વે વોર્ડ નં.18 (લિંબાયત-પર્વત-કુંભારિયા)માં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP - અજીત પવાર જૂથ)ના ઉમેદવારો દ્વારા વહેંચાયેલી કથિત વિવાદાસ્પદ પત્રિકા મુદ્દે ભારે વિવાદ ઊભો થયો છે. આ મામલે પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ કલેક્ટર ડો.સૌરભ પારઘી અને પોલીસ કમિશનરને લેખિત ફરિયાદ કરી કડક પગલાં લેવાની માંગ કરી છે.

મળતી માહિતી મુજબ NCPના ઉમેદવાર નાસિર ખાન ગુલામ અલી પઠાણ અને શરીફા સુલેમાન શેખ દ્વારા પ્રચાર દરમિયાન વિતરણ કરવામાં આવેલી પત્રિકામાં ધાર્મિક સંદર્ભવાળા નારા અને ઉશ્કેરણીજનક લખાણો હોવાનો આરોપ છે. જેનાથી શહેરની શાંતિ અને કાયદો-વ્યવસ્થા પર અસર પડી શકે છે.અસલમ સાયકલવાલાએ આક્ષેપ કર્યો છે કે પવિત્ર ધાર્મિક નારાઓનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ થવાથી તેની અવમાનના થાય છે, કારણ કે આવી પત્રિકાઓ જમીન પર ફેંકાતી હોય છે.

ઉપરાંત પત્રિકામાં એક સમુદાયને એકજૂટ થઈને માત્ર પોતાના સમાજના ઉમેદવારોને જ મત આપવા અપીલ કરવામાં આવી હોવાનું પણ જણાવાયું છે. ફરિયાદમાં આ પ્રકારની પ્રવૃત્તિ આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન ગણાવી જવાબદાર ઉમેદવારો, પ્રિન્ટિંગ પ્રેસ અને ડિઝાઇનર સામે પગલા લેવાની માંગ કરવામાં આવી છે.

### પક્ષવિરોધી પ્રવૃત્તિ બદલ ભાજપના 3 કાર્યકર્તા સસ્પેન્ડ

સુરતઃ સુરત મહાનગર પાલિકાની ચૂંટણી પહેલા ભાજપમાં આંતરિક અસંતોષ સપાટી પર આવ્યો છે. વોર્ડ નં.19 (આંજણા-ડુંભાલ)માં ભાજપના સક્રિય કાર્યકર્તા મિલિન્દ સપકાલે કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવતાં પક્ષે કડક કાર્યવાહી હાથ ધરી છે. ભાજપે તેમને પક્ષવિરોધી પ્રવૃત્તિ બદલ 6 વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે. અન્ય પક્ષમાંથી ચૂંટણી લડનાર મિલિન્દ સપકાલ ઉપરાંત ભાજપના સભ્ય અનિલ સોનકુસરે અને હરીશ સપકાલ પર અન્ય પક્ષો સાથે જોડાઈ પક્ષવિરોધી પ્રવૃત્તિ કરવાનો આક્ષેપ લાગતાં તેમને 6 વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ પગલાંથી પક્ષમાં શિસ્ત જાળવવાનો સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જ્યારે બીજી તરફ સ્થાનિક રાજકારણમાં ગરમાવો વધુ તેજ બન્યો છે.

# પી.પી.સવાણી શાળાના સ્ટોર રૂમમાં આગ

**યુનિફોર્મની** કિટ સહિતનો મોટા ભાગનો જથ્થો બળીને ખાખ થઈ ગયો

**આગ** શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનો અંદાજ લગાવવામાં રહ્યો હોવાનું પણ ફાયરનાં સૂત્રોનું કહેવું હતું

સુરતઃ સરથાણા પ્રાણી સંગ્રહાલયની પાછળના ભાગે મિતુલ ફાર્મમાં પી.પી. સવાણી શાળાએ 10 બાય 15નો સ્ટોર રૂમ તથા તેને લગોલગ એક પતરાનો શેડ પણ બનાવ્યો છે. સ્ટોર રૂમમાં શાળા દ્વારા કરવામાં આવતા એન્યુઅલ ફંક્શન માટે ઉપયોગમાં લેવાતો ડેકોરેશન માટેનો નાનો મોટો સામાન તથા બાજુમાં બનાવેલા પતરાના શેડમાં વિદ્યાર્થીઓ માટે યુનિફોર્મની કિટનો મોટા પ્રમાણમાં જથ્થો રાખવામાં સ્ટોરેજ કરવામાં આવ્યો હતો. રવિવારે બપોરે 2:30 કલાકે તેમાં અચાનક આગ ભડકી ઊઠી હતી. દરમિયાન સ્થળ ઉપર હાજર લોકોએ ફાયર કંટ્રોલને તેની ત્વરિત જાણ કરી હતી. જેથી અલગ અગલ ત્રણ ફાયર સ્ટેશનોની ગાડીઓ તુરંત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ઓફિસર વિનોદ રોજી વાડિયાએ જણાવ્યું હતું કે, તેમની ટીમ જ્યારે સ્થળ ઉપર પહોંચી હતી ત્યારે આગે સ્ટોર રૂમની આગ ઝડપથી પ્રસરી જતાં બાજુના પતરાનો શેડ પણ લપેટમાં આવી ગયો હતો. બાદ ફાયરની ટીમ દ્વારા સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. ગણતરીની મિનિટ્સમાં આગ કાબૂમાં આવી ગઈ હતી. આગની ચપેટમાં આવતાં સ્ટોર રૂમમાં મૂકેલા કાપડના પડદા તથા બીજો નાનો મોટો સામાન તથા બાજુના પતરાના શેડમાં વિદ્યાર્થીઓ માટે રાખેલી યુનિફોર્મ કિટ જેવી કે બુટમોઝા તથા બીજો સામાન આગની ચપેટમાં આવીને બળી ગયો હતો. આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનો અંદાજ લગાવવામાં રહ્યો હોવાનું પણ ફાયરનાં સૂત્રોનું કહેવું હતું.

# અધિકારીની નજર ચૂકવી વીજચોર મીટર પણ ચોરી ગયો

**ડિંડોલીમાં** ભરૂચની ટીમ વીજ ચેકિંગ માટે પહોંચી હતી



પ્રતિકાત્મક તસવીર

સુરતઃ ભરૂચ સર્કલની આઈ.સી. સ્કવોડ વિજિલન્સ ટીમ દ્વારા શહેરમાં વીજ ચોરી સામે ચાલી રહેલી ઝુંબેશ દરમિયાન ડિંડોલી વિસ્તારમાં ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. તપાસ દરમિયાન વીજ ચોરી ઝડપાતા એક શખ્સે હંગામો મચાવી જપ્ત કરાયેલ મીટર જ લઇ ફરાર થઈ જતાં અધિકારીઓ દંગ રહી ગયા હતા.

મળતી માહિતી મુજબ, ભરૂચ સર્કલની આઈ.સી. સ્કવોડ વિજિલન્સ ટીમના નાયબ ઈજનેર રવીન્દ્રભાઈ વલ્લભભાઈ આહિર અને તેમની ટીમ ૧૮ એપ્રિલના રોજ સુરતના પીપલોદ ડિવિઝન હેઠળના વિસ્તારોમાં તપાસમાં હતી. સવારે ૮:૩૦ વાગ્યાના અરસામાં ટીમ ડિંડોલીના નવાગામ સ્થિત ૧૫૫-એ, બિલીયાનગર-૦૨ ખાતે પહોંચી હતી. ત્યાં મનહરભાઈ પ્રજાપતિના નામના કનેક્શનમાં તપાસ કરતા માલૂમ પડ્યું કે, થાંભલા પરથી આવતી સર્વિસ લાઈનમાં છેડછાડ કરી સીધું ટેપિંગ જોડી વીજ વપરાશ કરવામાં આવી રહ્યો હતો.સ્થળ પર હાજર દેવાભાઈ બચુભાઈ ભરવાડને વીજ ચોરી અંગે જાણ કરી ટીમે મીટર ઉતારી લીધું હતું. જ્યારે અધિકારીઓએ ચેકીંગ શીટમાં સહી કરવાનું કહ્યું, ત્યારે દેવાભાઈએ સહી કરવાનો ઈનકાર કરી ટોળું ભેગું કરી દીધું હતું. અમે વીજ ચોરી કરી નથી અને મીટર લઈ જવા દઈશું નહીં તેમ કહી તેમણે દલીલો શરૂ કરી હતી.આ ગરમાગરમી અને બોલાચાલી દરમિયાન, આરોપી દેવાભાઈ ભરવાડે તકનો લાભ ઉઠાવી અધિકારીઓની નજર ચૂકવી દીધી હતી. તેણે જપ્ત કરેલું ઇલેક્ટ્રિક મીટર (નંબર-DSMSAE0268351) ત્યાંથી ચોરી કરી ક્યાંક સગેવગે કરી દીધું હતું. વીજ કંપનીના સ્ટાફે તાત્કાલિક શોધખોળ કરી હોવા છતાં મીટર મળી આવ્યું નહોતું. અંતે આ મામલે રવીન્દ્રભાઈ આહિરે ડિંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને ઈન્ડિયન ઈલેક્ટ્રિસિટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અક્ષય તૃતીયાએ સોનાને બદલે ચાંદીની ખરીદી જોવા મળી

**જ્વેલર્સમાં** ભીડ છતાં વેચાણમાં 30-40% સુધી ઘટાડો



સુરતઃ અક્ષય તૃતિયાના પાવન દિવસે જ્વેલરી બજારમાં ઉત્સાહજનક માહોલ જોવા મળ્યો હતો અને શુકનવંતી ખરીદી માટે ગ્રાહકો મોટી સંખ્યામાં જ્વેલર્સ શોપ્સ પર ઉમટ્યા હતા.

અક્ષય તૃતિયા પર ઊંચા ભાવનો પ્રભાવ જોવા મળ્યો છે.સોનાની ખરીદી ઘટી છે, ચાંદી તરફ ગ્રાહકો વળ્યા છે.મધ્યમ વર્ગ માટે સોનું મોંઘુ પડી રહ્યું છે.જ્યારે ચાંદી હવે મુખ્ય વિકલ્પ બની રહી છે.

ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન IBJA ના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે, "સોનાના ભાવ લગભગ 1,58,000 પ્રતિ 10 ગ્રામના ઉચ્ચ સ્તરે હોવાને કારણે મધ્યમ વર્ગના ગ્રાહકો સોનાની ખરીદીથી દૂર રહ્યા હતા. પરિણામે, લાઈટવેઈટ જ્વેલરી, લેબ-ગ્રોન ડાયમંડ જ્વેલરી તેમજ 18, 14 અને 9 કેરેટના દાગીનાની માંગમાં વધારો નોંધાયો છે.

આ સાથે, ચાંદીના સિક્કા અને ચાંદીના આભૂષણોમાં નોંધપાત્ર માંગ રહી. વર્તમાન સમયમાં ચાંદી મધ્યમ વર્ગ માટે સોનાનો વિકલ્પ બની રહી છે, જેના કારણે ચાંદીની ખરીદીમાં સારો વધારો થયો.

સાથે સાથે, નોંધનીય છે કે ઘણા ગ્રાહકો જ્વેલરીને માત્ર શૃંગાર માટે નહીં પરંતુ રોકાણ (Investment)ના હેતુથી પણ ખરીદી રહ્યા છે. ભાવોમાં સતત વધારાની શક્યતાઓને ધ્યાનમાં રાખીને, ગ્રાહકો લાંબા ગાળાના રોકાણ તરીકે જ્વેલરીમાં મૂડીરોકાણ કરી રહ્યા છે.

જોકે, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે અક્ષય તૃતિયા પર કુલ વેચાણમાં ઘટાડો નોંધાયો છે. અંદાજે 30% થી 40% સુધી ખરીદી ઓછી રહી હોવાનું બજાર સૂત્રો દર્શાવે છે. ગ્રાહકોની ભીડ હોવા છતાં, ઊંચા ભાવના કારણે કુલ વ્યવસાયિક વોલ્યૂમ પર અસર પડી છે.આથી, ઉત્સાહ હોવા છતાં આ વર્ષની અક્ષય તૃતિયા કુલ વેચાણ માટે સામાન્ય રહી હોવાનું નિષ્ણાતો માને છે.

# ઈન્સ્ટા પર મિત્રતા કરી મહિલાના અશ્લીલ વીડિયો ઉતારી લીધા

**બિહારના** શખ્સ સામે ગુનો દાખલ

સુરતઃ અમરોલીમાં રહેતી એક ૩૨ વર્ષીય પરિણીતાને ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પ્રેમજાળમાં ફસાવી, તેના નગ્ન વીડિયો રેકોર્ડ કરી બ્લેકમેઈલ કરવાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. મૂળ બિહારના ગોપાલગંજ જિલ્લાના વતની એવા અર્જુન ઉર્ફે મોન્ટુ ઉપાધ્યાય નામના શખ્સે પરિણીતાના અશ્લીલ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની અને તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, ભોગ બનનાર મહિલા ઘરે સીલાઈ કામ કરી પરિવારને મદદરૂપ થાય છે. આશરે ચાર માસ પહેલા ઈન્સ્ટાગ્રામ પર 'મોન્ટુ ઉપાધ્યાય' (mantu.8239) નામની આઈડી પરથી તેને વોઈસ કોલ આવ્યો હતો. આરોપીએ આપણે એક જ ગામના છીએ તેમ કહી મહિલાનો વિશ્વાસ જીત્યો હતો અને ત્યારબાદ અવારનવાર વીડિયો કોલ પર વાતચીત શરૂ કરી હતી. વાતોના વળગણમાં ફસાવી આરોપીએ વીડિયો કોલ દરમિયાન મહિલાના અંગત અંગો જોઈ તેનું સ્ક્રીન રેકોર્ડિંગ કરી લીધું હતું. ત્યારબાદ આ અશ્લીલ વીડિયો ક્લિપ્સ અને સ્ક્રીનશોટ વાયરલ કરવાની ધમકી આપી તે મહિલાને વધુ અશ્લીલ હરકતો કરવા મજબૂર કરતો હતો. મહિલાએ વાત કરવાની ના પાડતા આરોપીએ તેના ઘર પાસે આવી તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.હદ તો ત્યારે થઈ જ્યારે આરોપીએ પરિણીતાના પતિના વોટ્સએપ પર આ અશ્લીલ વીડિયો મોકલી તેને બદનામ કરી હતી. આખરે હિંમત ભેગી કરી પરિણીતાએ તેના પતિને સમગ્ર હકીકત જણાવી હતી. જે બાદ અમરોલી પોલીસ મથકમાં અર્જુન ઉપાધ્યાય સામે ગુનો નોંધાયો છે.

# અડાજણમાં સ્થાનિક ઉમેદવારની અવગણના, બહિષ્કારના બેનર

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ માટે સૌથી સુરક્ષિત ગણાતા રાંદેર ઝોનના અડાજણ વિસ્તારમાં પક્ષ સામે જનતાનો ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. વોર્ડ નંબર 10 માં સ્થાનિક ઉમેદવારની પસંદગી ન થતા જે નારાજગી હતી તેને નેતાઓએ માંડ શાંત પાડી હતી, ત્યાં ફરીથી અનેક મહોલ્લાઓમાં 'ચૂંટણીનો કડક બહિષ્કાર' ના બેનરો લાગતા ભાજપના નેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. શનિવારે રાત્રે આ બેનરોની જાણ થતા જ સ્થાનિક ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી સહિતના દિગ્ગજ નેતાઓ તાબડતોબ મતદારોને મનાવવા માટે પહોંચ્યા હતા. અગાઉ પણ આવા બેનરો લાગ્યા હતા જે સમજાવટથી હટાવી લેવાયા હતા, પરંતુ આ વખતે રહીશોએ નેતાઓને અણીયારા પ્રશ્નો પૂછીને મચક આપી નહોતી. લોકોનો સ્પષ્ટ આક્ષેપ છે કે શાસક પક્ષ માત્ર મતો મેળવવામાં રસ ધરાવે છે, પરંતુ સ્થાનિકોની આસ્થા અને સુવિધાના પ્રશ્નો ઉકેલવામાં નિષ્ફળ રહ્યો છે.

સ્થાનિક રહીશોની મુખ્ય નારાજગી આસ્થા સાથે જોડાયેલા સંવેદનશીલ મુદ્દા પર છે. લોકોનો આક્ષેપ છે કે વિસ્તારમાં આવેલા માતાજીના મંદિરથી માત્ર 150 થી 200 મીટરના અંતરે જ એક વિધર્મી દ્વારા નોનવેજ રેસ્ટોરન્ટ ચલાવવામાં આવે છે. આ રેસ્ટોરન્ટમાં આવતા લોકો આડેધડ વાહન પાર્કિંગ કરે છે, જેના લીધે સ્થાનિકોને અવરજવરમાં ભારે હાલાકી ભોગવવી પડે છે. રહીશોએ ગંભીર આરોપ લગાવ્યો છે કે ભાજપના જ કેટલાક નેતાઓની ભલામણ અને રહેમનજર હેઠળ આ નોનવેજ રેસ્ટોરન્ટ ધમધમી રહી છે, જેના કારણે વારંવારની ફરિયાદો છતાં તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી. મોડી રાત્રે મનાવવા ગયેલા નેતાઓ સામે જનતાએ આક્રોશ ઠાલવતા સ્પષ્ટ કહી દીધું કે, જ્યારે તમે અમારી સામાન્ય માંગણીઓ પૂરી કરી શકતા નથી, તો પછી મતદાન કરવાનો કોઈ અર્થ નથી. આ ઘટનાને પગલે ભાજપના ગઢમાં મોટું ગાબડું પડવાની શક્યતા દેખાઈ રહી છે.

# ચેમ્બરની AI ડ્રિવન કોન્કલેવમાં 10 કરોડથી વધુનો વેપાર મળશે




**રાજ્યભરમાંથી** 600 થી વધુ ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા પ્લેટિનમ હોલ, સરસાણા, ખાતે AI ડ્રિવન 'સ્પીડ બિઝનેસ નેટવર્કિંગ કોન્કલેવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

NLP ટ્રેઈનર અમિત પાઠકે જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હવે માત્ર ટેકનોલોજી નથી રહી, પરંતુ બિઝનેસ ગ્રોથ માટેનું શક્તિશાળી સાધન બની ગયું છે. એઆઈના યોગ્ય ઉપયોગ દ્વારા નાના અને મધ્યમ ઉદ્યોગો પણ પોતાના ઓપરેશન્સને સ્માર્ટ બનાવી શકે છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, SGCCI બિઝનેસ કનેકટ દ્વારા સમગ્ર દેશમાં પ્રથમ વખત એક અનોખા કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ AI ડ્રિવન 'સ્પીડ બિઝનેસ નેટવર્કિંગ કોન્કલેવ' આયોજિત કરવાનો મુખ્ય હેતુ ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને ઝડપી અને અસરકારક રીતે નવા બિઝનેસ કનેકશન બનાવવાની તક પ્રદાન કરવાનો હતો.

# જહાંગીરપુરામાં સુતેલી ત્રણ વર્ષની બાળકીને સાપએ ડંખ મારતાં મોત

સુરતઃ જહાંગીરપુરામાં ફૂટપાથ પર માતા સાથે સુતેલી ત્રણ વર્ષની બાળકીને સાપએ ડંખ મારતાં મોત નિપજ્યું હતું. બનાવને પગલે 108ની ટીમે તાત્કાલિક આવીને બાળકીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. પરંતુ તેને બચાવી શકાય ન હતી. મૃતકના પિતા નહીં હોવાથી પોલીસે પરિવારને આર્થિક મદદ કરીને પરિવાર સાથે જહાંગીરપુરાના કુરુક્ષેત્ર ખાતે ઉભા રહીને તેનું અંતિમ સંસ્કાર પણ કરાવી આપ્યું હતું.

જહાંગીરપુરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ અમરેલી સાવરકુંડલાના વતની મેઘનાબેન રાજભાઈ ઠાકોર, હાલ જહાંગીરપુરા ડભોલી બ્રીજની નીચે ફૂટપાથ પર 3 વર્ષની મહેક નામની પુત્રી સાથે રહે છે. મેઘનાબેન છૂટક મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. રવિવારે રાત્રે મેઘનાબેન તેની પુત્રી મહેકને બાજુમાં લઈને ફૂટપાથ પર સૂઈ ગયા હતા. દરમિયાન મધરાત્રે 1 વાગ્યાના સુમારે મહેકના ડાબા પગમાં સાપએ ડંખ માર્યો હતો. સાપના ડંખથી બાળકીએ જોરથી રડતા તેની માતા અને નાની ઉઠી ગયા હતા. ગણતરીના મિનિટોમાં બાળકીના મોઢામાંથી અચાનક ફીણ બહાર આવ્યું હતું. અને બાળકીને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. બાળકીની હાલત જોઈને માતા અને નાની બંને ગભરાઈ ગયા હતા. બાળકીને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. પરંતુ બાળકીને બચાવી શકાઈ નહોતી.

### જહાંગીરપુરા પોલીસે માનવતા બતાવી બાળકીનું અંતિમ સંસ્કાર કરાવ્યો

આ ઘટના બાદ બાળકીનું પોસ્ટમોર્ટમ કરાવવાનું હતું. પરંતુ તેના મોતનું કારણ સર્પદંશ હોવાનું સ્પષ્ટ હોવાથી તેની માતાએ રડતી આંખે મહેકનું પોસ્ટમોર્ટમ ન કરવા પોલીસને આજીજી કરી હતી. જેથી પોલીસે જરૂરી કાગળ પ્રક્રિયા પૂર્ણ કરીને પરિવારને મૃતદેહ સોંપી દીધો હતો. મહેકની માતા પાસે જહાંગીરપુરા કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ સુધી મૃતદેહ લઈ જવાની કોઈ સુવિધા ન હતી. જેથી જહાંગીરપુરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હિમાંશુભાઈ તેમજ સેવાભાવી વ્યક્તિ મનીષ જરીવાલાએ તેઓને આર્થિક મદદરૂપ કરી આપી હતી. તેમજ હેડ કોન્સ્ટેબલ હિમાંશુભાઈ તેઓની સાથે રિક્ષામાં સ્મશાન ભૂમિ સુધી જઈ ત્યાં જરૂરી બધી પ્રક્રિયા કરીને પરિવાર સાથે ઊભા રહીને મહેકના મૃતદેહનું અંતિમ સંસ્કાર કરાવ્યું હતું.

# ઝાંપા બજારમાં પ્રચાર કરવા ગયેલા કોંગ્રેસના ઉમેદવારોનો વિરોધ

**'અત્યાર** સુધી ક્યાં ખોવાઇ ગયા હતા કહીને' ઝાંપા બજારમાં કોંગ્રેસના ઉમેદવારોનો ભારે વિરોધ, સ્થાનિકોએ 'વોટની ભીખ' માંગવા બદલ ખખડાવ્યા

**ઝાંપા** બજારની કોઈ તકલીફમાં તમે આવ્યા નથી? તમે કયા હિસાબથી આવ્યા છો? તમે ઉમેદવાર છો તો કયા હિસાબે આવ્યા?

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીનો માહોલ ગરમાયો છે, ત્યારે વોર્ડ નં.13 (વાડી ફળિયા-નવાપુરા-બેગમપુરા-સલાબતપુરા)માં પ્રચાર કરવા નીકળેલી કોંગ્રેસની પેનલને કડવો અનુભવ થયો હતો. ઝાંપા બજાર વિસ્તારમાં જ્યારે રેહાના સૈયદ, ઉર્વશી ઉધનાવાલા, નીરવ રાણા અને નીતિન ભરૂચા પ્રચાર માટે પહોંચ્યા, ત્યારે સ્થાનિક રહીશોનો રોષ ફાટી નીકળ્યો હતો. લોકોએ ઉમેદવારોને સીધા સવાલો કર્યા હતા કે, "જ્યારે કોરોનાકાળ અને લોકડાઉન જેવી કપરી પરિસ્થિતિ હતી, ત્યારે તમે ક્યાં હતા? આજે કયા મોઢે વોટ માંગવા આવ્યા છો?" સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે મુશ્કેલીના સમયે એકપણ નેતા ડોકાયા નહોતા અને હવે જ્યારે ચૂંટણી આવી છે ત્યારે જનતાની યાદ આવી છે. "તમે પ્રચાર નહીં કરી શકો, તમારે પાછા જવું પડશે" તેવા સૂત્રોચ્ચાર સાથે વાતાવરણ ઉગ્ર બન્યું હતું અને અંતે ઉમેદવારોએ ત્યાંથી પરત ફરવું પડ્યું હતું.

સ્થાનિકોએ નેતાઓને ખખડાવતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ઝાંપા બજારની કોઈ તકલીફમાં તમે આવ્યા નથી? તમે કયા હિસાબથી આવ્યા છો? તમે ઉમેદવાર છો તો કયા હિસાબે આવ્યા? ઉમેદવારોએ કહ્યું, હંમેશાં આવ્યા છીએ, તમને કઈ તકલીફ છે? ત્યારે સ્થાનિકોએ જવાબ આપ્યો હતો કે, અરે અમને હજારો તકલીફો છે, લોકડાઉન આવ્યું , કોરોના આવ્યો ત્યારે યાદ નહીં આવી. તમે પ્રચાર નહીં કરી શકો. તમારે પાછા જવાનું છે, વિડીયો બનાવનાર વ્યક્તિ લોકોને પૂછ્યું કે, બોલો પબ્લિક આ લોકોને બોલાવવાના છે કે ઝાંપા બજારમાં એન્ટ્રી આપવાની છે? સ્થાનિકોએ એન્ટ્રી આપવાની ના પાડી. તમે કેમ આવ્યા ઝાંપા બજારમાં? તકલીફમાં તમે ઊભા રહેતા નથી. તમારો બહિષ્કાર છે. તમે ખાલી વોટ લેવા આવો છો. કોઈ પબ્લિક તમારી સાથે નથી. અમારું તો કામ બોલે છે. ચલો નીકળો અહીંથી. ખાલી વોટ માંગવા આવો છો. વોટની ભીખ માંગવા આવો છો. સમાજની તકલીફમાં ઊભા રહેવું પડશે. ખાલી નાટક કરવા આવો છો. જોઈએ તમે કયા મહોલ્લામાં આવો છો અને કોણ તમારી સાથે છે.

# સુરત રેલ્વે સ્ટેશન પર થાર ચાલકે દિવાલ તોડી નાંખી

**૨૧ વર્ષીય** નબીરાએ મુસાફરોની સલામતી જોખમમાં મૂકી




સુરતઃ સુરત રેલ્વે સ્ટેશન પર આજે સવારે એક લક્ઝુરિયસ થાર કાર ના ચાલકની બેદરકારીને કારણે મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ હતી. સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 તરફ જવાના પ્રતિબંધિત માર્ગ પર નો-પાર્કિંગ ઝોનમાં ઘુસી આવેલા થાર ચાલકે વાહન રિવર્સ લેતી વખતે સ્ટેશનની સુરક્ષા દિવાલ ને ધડાકાભેર ટક્કર મારી તોડી પાડી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ રેલ્વે ની મિલકત ને મોટું નુકસાન પહોંચ્યું છે.

મળતી માહિતી મુજબ, આજે સવારે અંદાજે ૧૦:૩૦ વાગ્યે સી-એરિયામાં ફરજ પર તૈનાત કોન્સ્ટેબલ રાજેશ કુમારે વોકી-ટોકી પર સંદેશ આપ્યો હતો કે, પ્લેટફોર્મ નંબર ૦૧ તરફ જતા માર્ગ પર એક વાહને સુરક્ષા દિવાલને નુકસાન પહોંચાડ્યું છે. જેની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ અકસ્માતથી રેલ્વેની દિવાલને અંદાજે રૂ. ૨૨,૦૮૮/- નું નુકસાન થયું છે. રેલ્વે પોલીસે તુરંત કાર્યવાહી કરી ચાલકની અટકાયત કરી હતી.

પકડાયેલ ચાલકની ઓળખ નવીન અશોક બંસલ (ઉં.વ. ૨૧, રહે. સિંગર રેસીડેન્સી, વેસુ, સુરત) તરીકે થઈ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ડો. ફારુક પટેલ સહીતનું પ્રતિનિધિમંડળ એનએસએ અજીત ડોવલને મળ્યું



સુરતઃનવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોવલની ઉપસ્થિતિમાં દેશના પ્રતિષ્ઠિત નેતાઓ, ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો અને સામાજિક અગ્રણીઓએ શિષ્ટાચાર મુલાકાત યોજી હતી. આ પ્રતિનિધિ મંડળમાં સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને કેપી ગ્રુપના ચેરમેન ડો .ફારુક પટેલ પણ સામેલ રહ્યા હતા. આ મુલાકાત દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં દેશના સર્વાંગી વિકાસ, નવીનતા અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી. પ્રતિનિધિમંડળના સભ્યો દ્વારા દેશના વિકાસમાં ઉદ્યોગ ક્ષેત્રની ભૂમિકા, યુવા શક્તિ અને ટેકનોલોજીના ઉપયોગ અંગે પણ વિચારવિમર્શ થયો હતો. ડો. ફારુક પટેલે આ મુલાકાત અંગે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સ્તરે એવા પ્રતિષ્ઠિત વ્યક્તિત્વો સાથે સંવાદ કરવાનો અવસર મળવો ગૌરવની બાબત છે. તેમણે ઉમેર્યું હતું કે આવા અર્થસભર સંવાદો દેશને વધુ મજબૂત બનાવવા માટે પ્રેરણા આપે છે અને એકતા તથા સહયોગના ભાવને મજબૂત બનાવે છે.